જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૫/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૮૪/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૬૫૪ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦ બિયર ટીન અને ઈક્કો ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૭,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૮૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ખુનની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૮૮૬/૧૬

**દાણીલીમડાઃ-** પથુભાઇ વજાભાઇ રાઠોડ (રહે.રતનનગર, શાંતીનગરની સામે, જુની નારોલ કોર્ટ, નારોલ) એ તા.૧૧/૫/૧૬ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૫/૧૬ સાંજના ૬/૦૦ થી તા.૬/૫/૧૬ બપોરનાં ૧/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી વિનોદ ઉર્ફે ચોટો શંકરભાઇ ચાવડા (ઉ.વ.૨૫) (રહે.ખોડીયારનગર, ચામુંડા માતાની ચાલી, બહેરામપુરા, દાણીલીમડા) એ અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી, પથુભાઇનાં પુત્ર નરેન્દ્ર ઉર્ફે નરેશ ઉર્ફે કાળીયો (ઉ.વ.૨૫) ને જમાલપુર મેલડી માતાના મંદિર પાસે બોલાવી, ઠંડાપીણામાં જંતુ નાશક દવા ભેળવી પીવડાવી દેતાં, નરેંન્દ્રનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.કે.રાણા ચલાવે છે.

ઉપરોકત ગુનાનાં કામનાં આરોપી વિનોદ ઉર્ફે ચોટો શંકરભાઇ ચાવડાને દાણીલીમડા પોલીસે તા.૧૨/૫/૧૬ બપોરનાં ૧૨/૦૦ વાગે પકડી અટક કરેલ છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૮૮૭/૧૬

રખિયાલઃ વિનોદભાઈ વાલજીભાઈ કટારીયા (રહે.અમીધારા એપાર્ટમેન્ટ રામીની ચાલી સામે રખિયાલ) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૫/૧૬ કલાક ૧૧/૩૦ થી બપોરના ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪૭,૩૫૦/- તેમજ સાહેદના મકાનના દરવાજાનુ તાળુ તોડી, ઘરમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૪,૩૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે જે ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૮૮/૧૬**

સોલા હાઈકોર્ટઃ લુકમાનમોહમદ કાસમ વોરા (રહે.ક્રિસ્ટલ એપાર્ટમેન્ટ, સરીતા કુંજ સોસાયટી, એન.આઈ.ડી.પાછળ, પાલડી) એ તા.૧૧/૫/૧૬ બપોરનાં ૪/૦૦ વાગ્યાથી ૪/૧૫ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન ગોતા તળાવ પાસે, વંદેમાતરમ ફાટક પાસે, પાલડી એન્ટરપ્રાઇઝ સામે પાર્ક કરેલ પોતાની કારનાં દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજોની ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ લુકમાનમોહમદ વોરાએ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.પટણી ચલાવે છે.

**બળજબરીથી સોનાના દાગીના કઢાવી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૮૮૯/૧૬**

સોલા હાઇકોર્ટ : નિરૂબહેન મહેન્દ્રભાઇ પ્રજાપતિ (રહે.કિર્તી રો હાઉસ, રામદેવ મંદિર પાસે, ચાંદલોડીયા) નાઓનાં ઘરે તા.૧૧/૫/૧૬ બપોરનાં ૨/૪૫ વાગ્યાના સુમારે બે અજાણ્યા ઇસમો આવી, “સાહેબ છે ઘરે? કાગળો આપવાનાં છે” તેમ કહી નિરૂબહેન પાસેથી પાણી મંગાવી, બાદમાં પોતાના ફોનથી ફોન લાગતો નથી તેમ કહી નિરૂબહેનનો મોબાઇલ માંગી લઇ, તેમાંથી સીમકાર્ડ કાઢી લઇ, નિરૂબહેનને ડરાવી-ધમકાવી, બળજબરીથી સોનાનાં દાગીનાં કિંમત રૂપિયા ૧,૮૭,૦૦૦/- મતાનાં લઇ નાસી ગયા છે. આ અંગેની ફરીયાદ નિરૂબહેન પ્રજાપતિએ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**વાહનચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૯૦/૧૬**

દાણીલીમડા : મહમદઆરીફભાઇ કરીમભાઇ શેખ (રહે.અપનાનગર, એસ.ટી.વર્કશોપની સામે, બહેરામપુરા અલ્લાહનગર, દાણીલીમડા) એ તા.૨૨/૪/૧૬ બપોરનાં ૧/૨૦ વાગે બહેરામપુરા જૈનદેરાસરની બાજુમાં, પેટ્રોલપંપની પાસે પોતાની ટ્રક નંબર જી.જે.૦૧.બી.વી.૩૩૭૫ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- જેની ચોરી તા.૨૩/૪/૧૬ સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ મોહમદઆરીફભાઇ શેખે તા.૧૦/૫/૧૬ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એલ.પટણી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)